# ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ

(ગુજરાત સરકારનું સાહસ)

"જલસેવા ભવન" છ-રોડ, એરફોર્સ સ્ટેશન સામે, સેક્ટર નં.૧૦/એ, ગાંધીનગર

ફેક્ષ(૦૭૯)૨૩૨૫૧૦૯૬, ફોન નં.૯૧-૦૭૯-૨૩૨૫૧૦૪૯, ૨૩૨૨૨૪૧૭

Email :- fcgwssb@gmail.com, website :gwssb.gujarat.gov.in

એસ.જી.પટેલ
નાણાં નિયંત્રક


નં. એબી/સીમે-૧-૨/૨૦૧૬-૧૭/ફા.નં.૬૩/૬૬૦ તા.૧૩/૦૩/૨૦૧૯

પ્રતિ

મુખ્ય ઇજનેરશ્રી

ઝોન-૧/૨/૩/૪/૫

વડોદરા/અમદાવાદ/રાજકોટ/ભૂજ/જુનાગઢ

વિષય :- યોજનાકીય કામોના બીલોનું પ્રી-ઓડીટ કરવાની નાણાંકિય મર્યાદામાં ફેરફાર કરવા બાબત.

સંદર્ભ :- (૧) બોર્ડ કચેરીના પત્ર નં.એબી/સી.મે.-૨/ પ્રી-ઓડીટ/૨૦૦૩-૦૪/ફા.૨/૪૮૮૫ તા.૨/૭/૨૦૦૮

(૨) અત્રેના પરિપત્ર ક્રમાંક એબી/સી.મે.૧-૨/૨૦૧૩-૧૪/ફા.નં.૩૨/૪૧૯ તા.૦૨.૧૧.૨૦૧૮

(૩) અત્રેના પરિપત્ર ક્રમાંક નં. એબી/સીમે-૧-૨/૨૦૧૬-૧૭/ફા.નં.૬૩/૬૨૫તા.૨૭.૨.૨૦૧૯

**પ્રસ્તાવના :**

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ હસ્તક ચાલતી યોજનાઓ પૈકી સંદર્ભ (૩) પ્રમાણેના પરિપત્રથી રૂા.૨/- કરોડથી વધુની કરાર કિંમતની યોજનાઓના કામોના બીલોનું ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ધ્વારા પ્રિ-ઓડીટ કરાવી ચૂકવણું કરવાની કાર્યપધ્ધતિ અમલમાં મૂકેલ છે.

સંદર્ભ (૩) ના પરિપત્રની સૂચના નં.(૨) નીચે મુજબ છે.

"વડિ કચેરીના બોર્ડ સેલ દ્વારા TPC -1 ની મંજૂર થયેલ કાર્યવાહિ નોંધની એક નકલ સીનીયર મેનેજર (ના/હિ) ને મોકલી આપવાની રહેશે. આ કાર્યવાહિની નોંધને આધીન હિસાબી શાખા દ્વારા તુરંત જ પ્રી-ઓડિટરની નિમણૂક કરવાની કાર્યવાહિ હાથ ધરવાની રહેશે."

આ પરિપત્રના યોગ્ય અમલીકરણ માટે સબંધિત વિભાગીય કચેરીની વિગત તથા અન્ય વિગતો આવશ્યક હોવાથી તે અન્વયે નીચે મુજબ પરિપત્ર કરવામાં આવે છે.

**પરિપત્ર**

સંદર્ભ (૩) પ્રમાણેના પરિપત્રના યોગ્ય અમલીકરણના હેતુસર, TPC -1 માં મંજૂર થયેલ કામો અન્વયે આપવામાં આવેલ LOI- Letter Of Intent ની નકલ તથા એજન્સી સાથે આ કામ અન્વયે કરેલ કરારખતના પ્રથમ પાનાની નકલ (જેમાં Agreement No. સુવાચ્ય હોય) તેને Scan કરીને ઝોન કચેરી દ્વારા તાત્કાલિક વડિ કચેરીના નીચેના ઇ-મેઇલ આઇ.ડી પર મોકલી આપવાનો રહેશે.

preaudit.gwssb@gmail.com

TPC -1 માં મંજૂર થયેલ ટેન્ડર અન્વયે LOI - Letter Of Intent ઇસ્યુ કર્યેથી સદરહુ LOI અને Agreement ના પ્રથમ પાનાની નકલ સત્વરે ઉપરોકત ઇ-મેઇલ આઇ.ડી પર મોકલી આપવાની રહેશે, જેથી અત્રેથી પ્રી-ઓડીટરની નિમણૂંકની કાર્યવાહિ હાથ ધરી શકાય.

ઉપરોકત સૂચનાઓનો ચૂસ્તપણે અમલ કરવાનો રહેશે.

(એસ.જી.પટેલ)
નાણાં નિયંત્રક

<u>નકલ સવિનય રવાના પ્રતિ:</u>

મા.સભ્ય સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, બોર્ડ કચેરી, ગાંધીનગર

નકલ રવાના પ્રતિ:

મુખ્ય વહિવટી અધિકારીશ્રી, વડિ કચેરી

સીનીયર મેનેજર(ના/હિ) તમામ, તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.

નાયબ મેનેજર(ના/હિ) તમામ, તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.

સિસ્ટમ મેનેજરશ્રી, વડી કચેરી,